રાજયના વિકલાંગ વ્યક્તિઓને શિક્ષણ, તાલીમ અને સામુહિક પુનઃસ્થાપન માટે મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારીત વિકલાંગ પુનઃસ્થાપન યોજના.

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૩/૬૭૪/છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 4 JAN 2007

વંચાણે લીધા :-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૪-૧-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ-અપગ-૧૦૯૯-ન.બા.૧-છ,

પ્રસ્તાવના :-

રાજયમાં વિકલાંગ વ્યક્તિઓને શિક્ષણ, તાલીમ અને સામુહિક પુનઃસ્થાપન માટે રાજય સરકારે તા.૪-૧-૨૦૦૧ના ઉપર ઉલ્લેખાયેલ ઠરાવથી મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારીત વિકલાંગ પુનઃસ્થાપન યોજના અમલમાં મુકેલ છે.

૨. આ યોજનામાં વિકલાંગ કલ્યાણ માટે કેન્દ્ર/રાજય સરકાર તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી અપંગ વ્યક્તિઓને મળે અને તેનો લાભ મેળવી શકે તે માટે અપંગોને શિક્ષણ, આરોગ્ય, તાલીમ પુનઃ વસવાટને લગતી વિવિધ જાણકારી તાલુકા/ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ થાય તે જરૂરી છે.

૩. આ યોજનામાં દરેક તાલુકા માટે એક સ્વૈચ્છીક સંસ્થાને કામગીરી સોંપવામાં આવે છે. સંસ્થાએ વિકલાંગોની મોજણી કરવી, વિકલાંગોને મળવાપાત્ર લાભોની જાણકારી આપવી, લાભ મેળવવામાં સહાય કરવી, વિકલાંગતાનું પ્રમાણપત્ર મેળવવા મદદ કરી પુનઃ સ્થાપન માટે પ્રયત્નો કરવા વિગેરે પ્રકારની વિકલાંગોને ઉપયોગી વિવિધ કામગીરી કરવાની હોય છે. આ માટે સંસ્થાને સ્ટાફ માટે પગાર તથા કન્ટીજન્સી ખર્ચ આપવામાં આવે છે. અંધજન મંડળ નોડલ એજન્સી તરીકે કામગીરી કરેલ છે. તે કર્મચારીઓને તાલીમ અને સંકલનની કામગીરી કરે છે. તે માટે તેમને સહાય આપવામાં આવે છે.



//૨//

// ૨ //

૪. આ માટે પ્રથમ ૩૭ તાલુકા અને ત્યારબાદ ૮૩ તાલુકા મળી કુલ-૧૨૦ તાલુકામાં સંસ્થાઓની પસંદગી કરી, કામગીરીનો અમલ કરેલ છે. હવે ૧૦૫ તાલુકાઓમાં આ કામગીરી બાકી છે. આ બાકી તાલુકા પુરતો આ પ્રોજેકટ ચાલુ રાખવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આ સંદર્ભમાં સુપરવાઇઝીંગ કમિટિએ કરેલી અમલીકરણની સમીક્ષા સંદર્ભમાં કરાયેલ વિચારણા બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છેઃ-

(૧) રાજ્યના જે ૧૦૫ તાલુકાઓમાં સર્વેની કામગીરી બાકી છે તેવા ૧૦૫ તાલુકાઓ પુરતો આ પ્રોજેકટ ચાલુ રાખવામાં આવે છે. આ પ્રોજેકટની સમય મર્યાદા ડીસેમ્બર-૨૦૦૮ સુધીની નકકી કરવામાં આવે છે આ સમયગાળા દરમ્યાન ૧૦૫ તાલુકાઓની કામગીરી પુરી કરવાની રહેશે.

(૨) આ કામગીરી માટે નોડલ એજન્સી તરીકે અંધજન મંડળ, અમદાવાદને ચાલુ રાખવામાં આવે છે. આ સમયમર્યાદામાં પ્રોજેકટ પુરો થાય તેની તકેદારી એજન્સીએ રાખવી.

(૩) અગાઉ જે ધોરણે આ કામગીરી કરવામાં આવી છે તેજ રીતે બાકીના ૧૦૫ તાલુકાઓ માટે પણ કામગીરી કરવાની રહેશે.

(૪) ઉપર વંચાણમાં લીધેલ તા.૪-૧-૨૦૦૧ના ઠરાવની શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.પટેલ )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

-માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-એ.જી.ગાંધીનગર/રાજકોટ.
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-સંચાલકશ્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.
-સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
-પસંદગી ફાઇલ./ -નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઇલ. ૧૩/૩૭૫/

૨૩૧